સમય : 3 કલાક

# Model Test 2019

કુલ ગુણ : 80

## વિભાગ : A

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૧ થી ૧૬ ના માંગ્યા મુજબ જવાબ આપો.** (16)

**• નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

**(1)** $P(x) = 3+5x+x^3+x^2$ બહુપદીનો ઘાત 3 છે.

**(2)** વિવેચક શોધવાનું સૂત્ર $D=b^2-4ac$ છે.

**(3)** 3,3,3,...સમાંતર શ્રેણી છે.

**(4)** $\cos 45° = \frac{1}{\sqrt{2}}$

**• વિધાત સાચું બને તે રીતે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

**(5)** જો $\overline{x} = 25$ અને $Z = 25$ હોય તો,$M =$ ...............

(A) 25 (B) 0 (C) 1 (D) 75

**(6)** $P(A) + P(\overline{A}) =$ .................

(A) 1 (B) 0 (C) -1 (D) 2

**(7)** સરખી રીતે ચીપેલા પર પત્તાની થોકડીમાંથી એક પત્તું કાઢવામાં આવે તો તે પત્તું કાઢવામાં આવે તો તે પત્તું લાલ રંગનો બાદશાહ હોવાની સંભાવના ..............છે.

(A) 1/13 (B) 1/26 (C) 1/52 (D) 3/26

**(8)** જો $17x + 23y = 40$ અને $23x + 17y = 80$ હોય તો $x+y =$ ....................

(A) 120 (B) 40 (C) 3 (D) 80

**• વિધાન સાચું બને તે મુજબ ખાલી જગ્યા પુરો.**

**(9)** જો સમીકરણ $8x + 5k = 18$ નો એક ઉકેલ (1,0) હોય તો K=................

**(10)** બિંદુઓ (2,3) અને (4,1) વચ્ચેનું અંતર................છે.

**(11)** $\tan^2 \theta - \sec^2 \theta =$ ...............

**(12)** જો O કેન્દ્રવાળા વર્તુળને બિંદુ P માંથી દોરેલા સ્પર્શકો PA અને PB વચ્ચે 80° નો ખુણો રચાતો હોય તો,$\angle POA =$ ................

**• એક વાકય,શબ્દ કે આંકડામાં જવાબ આપો.**

**(13)** R ત્રિજયાવાળા વર્તુળનો વૃતાંશ ખૂણો P° હોય તો વૃતાંશનું ક્ષેત્રફળ કેટલું થાય?

**(14)** 7 સે.મી.ત્રિજયાવાળા અર્ધગોળાનું ઘનફળ શોધો.

**(15)** પાસાને એકવાર ફેંકવામાં આવે તો અવિભાજય સંખ્યા મળવાની સંભાવના કેટલી થાય?

**(16)** રમેશ મેચ જીતે તેની સંભાવના 0.48 હોય તો,રમેશ મેચ ન જીતે તેની સંભાવના કેટલી?

## વિભાગ : B

• નીચે આપેલા પ્રશ્ન નં. ૧૭ થી ૨૬ ના ૪૦ થી ૫૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૨ ગુણ) (૨૦)

• નીચેના પ્રશ્નોની ગણતરી કરી જવાબ લખો.

**(17)** $3 + \sqrt{2}$ એ અસંમેય સંખ્યા છે તે સાબિત કરો.

**(18)** અવિભાજ્ય અવયવોની રીતથી 12,72 અને 120 નો લ.સા.અ. અને ગુ.સા.અ. શોધો.

**(19)** દ્વિઘાત બહુપદીના શુન્યનો સરવાળો -1/4 અને શૂન્યનો ગુણાકાર 1/4 હોય તેવી દ્વિઘાત બહુપદી મેળવો.

**(20)** નીચે આપેલ સુરેખ સમીકરણયુગ્મનો ઉકેલ આદેશની રીતે શોધો.

$7x-15y-2 = 0$ અને $x + 2y = 3$

અથવા

**(20)** સુરેખ સમીકરણ યુગ્મ $x+y = 5$ અને $2x - 3y-4 = 0$ નો ઉકેલ લોપની રીતે શોધો.

**(21)** જો $\sec \theta = 13/12$ હોય તો $\sin \theta$ અને $\cot \theta$ ની ગણતરી કરો.

**(22)** કિંમત શોધો : $2\tan^2 45° + \cos^2 30° - \sin^2 60°$

અથવા

**(22)** $\frac{\tan \theta}{1-\cot \theta} + \frac{\cot \theta}{1-\tan \theta} = 1+\sec \theta.\operatorname{cosec} \theta$ સાબિત કરો.

**(23)** 5 સે.મી.ત્રિજયાવાળા વર્તુળના કોઈ બિંદુ P આગળ દોરેલ એક સ્પર્શક PQ કેન્દ્ર O માંથી પસાર થતી રેખાને Q બિંદુએ છેદે છે.OQ = 12 સે.મી. હોય તો PQ ની લંબાઈ શોધો.

અથવા

**(23)** ચતુષ્કોણ ABCD એક વર્તુળને પરિગત છે,તો સાબિત કરો કે AB + CD = AD + BC

**(24)** નીચેની માહિતી 225 વીજ ઉપકરણોના આયુષ્યની (કલાકોમાં) પ્રાપ્ત માહિતી દર્શાવે છે.

| આયુષ્ય (કલાકોમાં) | 0-20 | 20-40 | 40-60 | 60-80 | 80-100 | 100-120 |
|---|---|---|---|---|---|---|
| આવૃતિ | 10 | 35 | 52 | 61 | 38 | 29 |

તો ઉપકરણો આયુષ્યનો બહુલક નકકી કરો.

**(25)** એક નિસરણી દીવાલને અઢેલીને એવી રીતે ગોઠવી છે,કે જેથી નીચેનો છેડો દીવાલથી 2.5 મીટર દૂર રહે અને તેનો ઉપરનો છેડો જમીનથી 6 મીટર ઊંચે એક બારીને અડકે છે,તો નિસરણીની લંબાઈ સે.મી.માં શોધો

**(26)** બે ક્રમિક અયુગ્મ ધન પૂર્ણાંક સંખ્યાઓના વર્ગોનો સરવાળો 290 હોય,તો બંને સંખ્યાઓ શોધો.

અથવા

**(26)** $2x^2 = 7x - 3$ દ્વિઘાત સમીકરણનાં બીજ પૂર્ણ વર્ગની રીતે મેળવો.

## વિભાગ : C

• નીચે આપેલા પ્રશ્ન નં. ૨૭ થી ૩૪ ના ૬૦ થી ૮૦ શબ્દોમાં મુદ્દાસર જવાબ આપો. (દરેકના ૩ ગુણ) (૨૪)

• નીચેના પ્રશ્નોન માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો

**(27)** $x^3 - 3x^2 + x + 2$ જે બહુપદી $g(x)$ વડે ભાગતાં ભાગફળ અને શેષ અનુક્રમે $x-2$ અને $4-2x$ મળે છે,તો $g(x)$ શોધો.

**(28)** $\frac{1}{x+4} - \frac{1}{x-7} = \frac{11}{30}$, $x \neq -4,7$ આપેલ સમીકરણના બીજ શોધો.

**(29)** સમાંતર શ્રેણી 21,18,15,.....નું કયુ પદ -81 હશે? વળી કોઈ પદ 0 હશે ? સકારણ જવાબ આપો.

અથવા

**(29)** સમાંતર શ્રેણીમાં $a_n=4, d=2, s_n=-14$ આપેલ હોય તો n અને a શોધો.

**(30)** બિંદુ (-4,6) એ બિંદુઓ A(6,-10) અને B(3,-8) ને જોડતા રેખાખંડનું કયા ગુણોતરમાં વિભાજન કરે ?

**(31)** નીચેનું આવૃતિ વિતરણ એક ધોરણના 30 વિધાર્થીઓનાં વજન આપેલ છે.તો વિધાર્થીઓના વજનનો મધ્યસ્થ શોધો.

| વજન (કિ.ગ્રા) | 40-45 | 45-50 | 50-55 | 55-60 | 60-65 | 65-70 | 70-75 |
|---|---|---|---|---|---|---|---|
| વિધાર્થીઓની સંખ્યા | 2 | 3 | 8 | 6 | 6 | 3 | 2 |

અથવા

**(31)** નીચેનું કોષ્ટક એક વિસ્તારમાં 25 પરિવારના ખોરાકનો દૈનિક ઘરગથ્થું ખર્ચ બતાવે છે.

| દૈનિક ખર્ચ (રૂ.માં) | 100-150 | 150-200 | 200-250 | 250-300 | 300-350 |
|---|---|---|---|---|---|
| પરિવારોની સંખ્યા | 4 | 5 | 12 | 2 | 2 |

પદ–વિચલનની રીતનો ઉપયોગ કરી સરેરાશ ખર્ચ શોધો.

**(32)** સાબિત કરો કે વર્તુળની બહારના બિંદુમાંથી વર્તુળને દોરેલા સ્પર્શકોની લંબાઈ સમાન હોય છે.

**(33)** આકૃતિમાં એક વર્તુળના ચતુર્થાંશ OPBQ ની અંતર્ગત ચોરસ OABC છે. જો OA=20 સેમી હોય તો દર્શાવેલ રંગીન પ્રદેશનું ક્ષેત્રફળ શોધો.($\pi = 3.14$)




**(34)** નળાકાર પદાર્થની ઊંચાઈ 2.4 સે.મી. અને વ્યાસ 1.4 સે.મી.છે.તેમાથી તેટલી જ ઊંચાઈ અને વ્યાસવાળો શંકુ કાપી લેવામાં આવે તો વધેલા પદાર્થનું કુલ પૃષ્ઠફળ નજીકના સેમી$^2$ માં શોધો.

અથવા

**(34)** 6 સેમી,8 સેમી અને 10 સેમી ત્રિજયાવાળુ ધાતુના ગોળાઓને ઓગાળીને એક મોટો નકકર ગોળો બનાવવામાં આવે છે.તો આ રીતે બનતા ગોળાની ત્રિજયા શોધો.

## વિભાગ : D

**• નીચે આપેલા પ્રશ્ન નં. ૩૫ થી ૩૯ ના ૯૦ થી ૧૨૦ શબ્દોમાં માગ્યા મુજબ જવાબ આપો. (દરેકના ૪ ગુણ) (૨૦)**

**• નીચેના પ્રશ્નોના માંગ્યા પ્રમાણે ગણતરી કરી જવાબ આપો.**

**(35)** 6.5 સેમી લંબાઈને રેખાખંડ દોરી તેનું 3:4 ગુણોતરમાં વિભાજન કરો.બંને ભાગ માપો અને રચનાના મુદ્દા લખો.

અથવા

**(35)** 4 સેમી ત્રિજયાવાળા વર્તુળના જેમની વચ્ચેના ખૂણાનું માપ 60° થાય તેવા સ્પર્શકો રચો.રચનાના મુદા લખો.

**(36)** એક હોડી નદીના સામાપ્રવાહે 30 કિ.મી અને પ્રવાહની દિશામાં 44 કિ.મી.અંતર 10 કલાકમાં કાપે છે.તે હોડીને તે જ નદીમાં 40 કિ.મી.સામા પ્રવાહે અને 55 કિ.મી. અંતર પ્રવાહની દિશામાં કાપતા 13 કલાક જેટલો સમય લાગે છે.નદીના પ્રવાહની અને હોડીની ઝડપ શોધો.

અથવા

**(37)** એક સુરેખ માર્ગ ટાવર તરફ જાય છે.ટાવરની ટોચ પર 1 વ્યકિત ,ટાવર તરફ અચળ ઝડપથી આવતી એક મોટરકારના અવસેધકોણ નું માપ ૩૦° નોંધે છે.6 સેકન્ડ પછી આ કારના અવસેધકોણનું માપ 60° થાય છે.તો કારને ટાવર સુધી પહોચતાં કેટલો સમય લાગે?

**(38)** એક શંકુના આ આડછેદની તિર્યક ઊંચાઈ 4 સેમી છે.તથા તેના વર્તુળાકાર છેડાની પરિમિતી 18 સેમી અને 6 સેમી છે.તો શંકુના આડછેદની વક્રસપાટીનું ક્ષેત્રફળ તથા શંકુના આડછેદનું ઘનફળ આપેલા એકમમાં શોધો.
શંકુના આડછેદની વક્રસપાટી અને શંકુના આડછેદનું ઘનફળ બંનેના માપ સરખા હશે?તેની સત્યતા ચર્ચો.

**(39)** $\Delta$ POR માં $\angle$ Q=90 છે તો સાબિત કરો કે $PQ^2 + QR^2 = PR^2$

અથવા

**(39)** બે સમરૂપ ત્રિકોણના ક્ષેત્રફળનો ગુણોતર તેમની અનુરૂપ બાજુઓના ગુણોતરના વર્ગ બરાબર હોય છે.